# સાબરકાંઠામાં સાંબેલાધાર વરસાદ

## પોશીનામાં ૬ ઈંચ, ખથેડબ્રહ્માામાં ૪ ઈંચ અને ઈડરમાં ૩ ઈંચથી વધુ વરસાદ : પ્રાંતિજ તાલુકામાં સૌથી ઓછો ૧૫ મી.મી. વરસાદઃ વરસાદી માહોલ વચ્ચે જીલ્લામાં અનેક ઠેકાણે ગંદકીનો ઉપદ્રવ : હિંમતનગરમાં અનેક ઠેકાણે રોડ તુટી જતા તંત્રની પોલ ખુલી

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી સતત પડી રહેલા વરસાદને કારણે વાતાવરણમાં ઠંકડ પ્રસરી ગઈ છે ત્યારે છેલ્લા ૪૮ કલાકમાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ પોશીના પંથકમાં ૧૫૫ મીમી (૬ ઈંચ) પડતા આ વિસ્તારના નદી નાળામાં નવા નીરની આવક થવા પામી છે. જેના લીધે અંદાજે ત્રણથી વધુ બેઠા પુલ પર પાણી ફરી વળતા લોકોને અવરજવર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દરમિયાન શુક્રવારે પણ જિલ્લામાં વરસાદી માહોલ રહ્યો હતો. જેના લીધે આખો દિવસ ઝરમર વરસાદ ચાલુ રહ્યો હતો.

ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી માહિતી મુજબ સાંબરકાંઠામાં છેલ્લા ૪૮ કલાકમાં રાજયમાં સૌથી વધુ વરસાદ પોશીના તાલુકાના ૧૫૫ મીમી નોંધાતા આદિવાસી પંથકમાં લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. તેજ પ્રમાણે ખેડબ્રહ્મા તાલુકામાં ૪ (૧૧૦ મીમી), ઈડરમાં ૩ ઈંચ (૭૩ મીમી), વિજયનગરમાં ૬૯ મીમી, હિંમતનગરમાં ૬૩ મીમી, વડાલીમાં ૫૪ મીમી, તલોદમાં ૨૫ મીમી જયારે પ્રાંતિજ તાલુકામાં સૌથી ઓછો વકત ૧૫ મીમી વરસાદ પડ્યો હતો.

તો બીજી તરફ શુક્રવારે બપોર સુધીમાં ઈડરમાં ૬ મીમી, ખેડબ્રહ્મામાં ૪, તલોદમાં ૧, પ્રાંતિજમાં ૨, વડાલીમાં ૧૬, વિજયનગર અને હિંમતનગરમાં ૩ મીમી વરસાદ પડ્યો હતો. જો કે શુક્રવારે આખો દિવસ આકાશ વાદળછાયુ રહ્યું હોવાને કારણે ઝરમર વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો. જેના લીધે ઠંકડ પ્રસરતા જીલ્લાના અનેક ઠેકાણે માખી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. આ રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો પણ તોબા પોકારી ગયા છે.

હિંમતનગરના સરકારી જીન વિસ્તારમાં આવેલ નિકુંજ સોસાયટીથી લક્ષ્મીનારાયણ સોસાયટી વચ્ચેના ટીપી રોડનું કામ તાજેતરમાં કરાયું હોવા છતાં વરસાદી પાણીને લીધે રોડની હાલત એટલી બધી બગડી ગઈ છે કે તાજેતરમાં બનાવાયેલા આ રોડ પર ડામર કે કપચીનું નામોનિશાન રહ્યું નથી. અગાઉ જયારે આ રોડ બનાવાયો ત્યારે તેના ઈજારાદાર અધિકારીઓ સાથે મીલીભગતની ગોઠવણ કરીને સરકારી નાણાનો બેફામ વ્યય કરી દીધો છે. આ ઉપરાંત મોતીપુરા, મહેતાપુરા અને મહાવીરનગર સહીત પોલો ગ્રાઉન્ડ સહિતના વિસ્તારોમાં પણ રસ્તાઓ પર પડી ગયેલા ગાબડાઓને કારણે તેમાં ભરાઈ રહેલા વરસાદી પાણીને લીધે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.

અત્યાર સુધીમાં કયા તાલુકામાં કેટલા મી.મી. વરસાદ પડ્યો

| તાલુકાનું નામ | કેટલા મીમી વરસાદ | ટકાવારી |
|---|---|---|
| પોશીના | ૬૪૯ | ૮૦.૨૫ |
| ખેડબ્રહ્મા | ૬૩૩ | ૭૬.૧૮ |
| ઈડર | ૬૪૦ | ૬૬.૮૧ |
| વિજયનગર | ૫૬૮ | ૬૮.૩૩ |
| હિંમતનગર | ૭૮૨ | ૯૩.૪૨ |
| વડાલી | ૫૬૦ | ૬૪.૫૩ |
| તલોદ | ૪૯૫ | ૯૩.૨૪ |
| પ્રાંતિજ | ૫૯૦ | ૭૨.૭૮ |

હિંમતનગરના પૂર્વ વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન પડેલા વરસાદને લઈ તાલુકાના રાજપુર અને ચોટીલા પાસેના બેઠા પુલ પર વાઘાઓનું પાણી આવી જતા અહીંથી પસાર થતા લોકોને સાવચેતી રાખવાની ફરજ પડી હતી. જો કે બે દિવસ પડેલા વરસાદ બાદ પણ હિંમતનગરથી હાથમતી નદીમાં નવા નીરની ખુબ જ ઓછી આવક થઈ છે. જેને લીધે વરસાદી નદીના પાણીને ફક્ત હાથમતી કેનાલમાં વાળી દેવામાં આવ્યું હતું. જો કે બે દિવસ પડેલા વરસાદ બાદ તલોદ પાસેની ખારી નદીમાં નવા નીર આવતા લોકો જોવા ઉમટ્યા હતા.

કયા ડેમમાં પાણીની કેટલી આવક થઈ

| | |
|---|---|
| ધરોઈ | ૭૫૫૫ ક્યુસેક |
| વાત્રક | ૨૮૬૪ ક્યુસેક |
| ગુહાઈ | ૦૦ ક્યુસેક |
| માજુમ | ૨૫૦ ક્યુસેક |
| હાથમતી | ૩૦૦ ક્યુસેક |
| જીવણપુર | ૨૮૦ ક્યુસેક |
| હરણાવ-૨ | ૧૦૦ ક્યુસેક |
| મેશ્વો | ૫૭૦ ક્યુસેક |

જિલ્લામાં વિવિધ ઠેકાણે પડેલા વરસાદમાં કોઈ જાનહાનિ કે નુકશાન થયું ન હોવાનું ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયું છે. દરમિયાન આગામી બે દિવસ સુધી સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા



વહીવટીતંત્ર દ્વારા પણ કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરું આયોજન કરીને સંલગ્ન વિભાગોને સચેત કરવા માટે સાબતા કરી દેવાયા છે.

## યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી

ઈડર, તા. ૧૨

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ છેલ્લા પાંચ વર્ષથી પરંપરાગત પર્વની ઉજવણી સાથે સર્વાંગી વિકાસ થાય તે હેતુસર પ્રાયોગીક અનુભવજન્ય શિક્ષણ આપવાના પદ્ધતિસરના સાતત્યપૂર્ણ પ્રયત્નો કરી રહી છે. સ્કૂલમાં રક્ષાબંધનની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. રાખી અભિયાનથી ગ્રામ્ય વિસ્તાર અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ત્રણ ઉદ્દેશોથી જોડવાનો નમ્ર પ્રયાસ છેલ્લા પાંચ વર્ષથી સ્કૂલ કરી રહી છે. જેમાં રાષ્ટ્રપ્રેમ, માર્ગ સુરક્ષા, મુલ્ય શિક્ષણનો સમાવેશ થાય છે.



જેમાં વિદ્યાર્થીઓ દ્વારા રાખડીનો માલસામાન ખરીદવાથી લઈને રાખડી બનાવી વિતરણ કરવાની પ્રક્રિયા વિદ્યાર્થીઓ દ્વારા કરાવવામાં આવે છે. ૨૧મી સદીના કૌશલ્યો રાખી-અભિયાન દ્વારા વિદ્યાર્થીઓમાં કુમળી વયે રાષ્ટ્રપ્રેમ, ભ્રાતૃભાવ, નાગરિક ધર્મ, કૃતજ્ઞતા અને જવાબદેહીતા જેવા મૂલ્યોના સિંચન દ્વારા આદર્શ ચરિત્રનું નિર્માણ કરવાનો પ્રયત્ન થાય છે. સાથે સાથે ૨૧મી સદીમાં જરૂરી એવા કૌશલ્યોનો વિકાસ વિદ્યાર્થીઓમાં શક્ય બન્યો છે. જેવી કે સર્જનાત્મકતા, કોમ્યુનિકેશન, સહયોગ, નવીનીકરણ, ક્રિટિકલ થીંકીંગ આ ઉપરાંત બિઝનેસ માટે જરૂરી એવા પ્લાનિંગ, કોસ્ટિંગ, પરચેઝીંગ, સેલીંગ, ડિઝાઈનિંગ, ડેલીગેટીંગ, માર્કેટિંગ વગેરે આયામો પણ શીખવે છે. બાળકોમોં કોમ્યુનીકેશન સ્કીલ વિકસે અને દેશ ભાવના વિકસે તે માટે સરકારી-ખાનગી બસો, જીપો, રીક્ષા, સ્કૂલના વાહનોને હંકારતા સારથી મિત્રો (વાહનચાલકો)ને સ્કૂલની દીકરીઓ રાખી બાંધી તેમને તેઓ સાવધાની અને સલામતીપૂર્વક તેમની જવાબદારીનું નિર્વહન કરે તે માટે જાગૃત કરવા તથા તેઓને માર્ગ સુરક્ષાના નિયમો પાળવા પ્રાર્થનાપૂર્વક વિનંતી કરે છે. રાખી વેચાણમાંથી આવેલ રકમ આર્મી ફંડમાં મોકલવામાં આવે છે. જેથી બાળકોમાં કૃતજ્ઞતા ભાવ વિકસે એવા આશય હોય છે.

આ રક્ષાબંધનની સાથે જ રાષ્ટ્રપ્રેમ, માર્ગસુરક્ષા, મુલ્ય શિક્ષણ અને ૨૧મી સદીના કૌશલ્યોને જોડીને આ અનોખી ઉજવણીએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રાયોગિક તાલીમ આપે છે.

## મોડાસામાં ૭૩માં સ્વાતંત્ર પર્વની આન બાન શાનથી ઉજવણી

મોડાસા, તા. ૧૬

૭૩ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સમગ્ર દેશમાં અને દેશ બહાર વસતા ભારતીયો રંગે ચંગે ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સ્વાતંત્ર્ય પર્વ નીમીત્તે સમગ્ર શહેર રોશની થી ઝળહળી ઉઠ્યું હતું શહેરના રહેણાંક વિસ્તારો અને શૈક્ષણિક સંસ્થાઓમાં દેશભક્તિના ગીતો ગુંજી ઉઠતા ૭૩ માં સ્વાતંત્ર્ય પર્વનો અલભ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, રાજકીય પક્ષો દ્વારા ૭૩ માં સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાન થી ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો

મોડાસા શહેરની શૈક્ષણિક સંસ્થા શ્રી સરસ્વતી બાલ મંદિર મંડળ પ્રમુખ નિલેશભાઈ જોશી, મંત્રી વિનોદ પટેલ ઉપસ્થિતિમાં ૭૩ માં સ્વાતંત્ર્ય પર્વની ડીપ શાખામાં રંગે ચંગે ઉજવણીમાં બાળકોએ દેશભક્તિના વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામો રજુ કર્યા હતા મોડાસાની ધી ઘાંચી હાઈસ્કૂલ, મોડાસા કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, ધી.મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, સરસ્વતી વિદ્યાલય, કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ, બી-કનઈ, પ્રાર્થના વિદ્યાલય, સરકારી કચેરીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ભારતીય જનતા પાર્ટી, મોડાસા શહેર કોંગ્રેસ પાર્ટી, અર્ધ સરકારી કચેરીઓ માં ૭૩ માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજ વંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશ ભક્તિ ઉજાગર કરતા નાટકો નું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાતા ધંધા રોજગારના સ્થળે રહેણાંક વિસ્તારોમાં બાળકો અને મોટેરાના



હાથોમાં ધ્વજ લઈ ફરતા નજરે પડતા હતા વાહનચાલકો પણ રાષ્ટ્રધ્વજ વાહનોમાં યોગ્ય સ્થળે લગાવી ઠેર ઠેર પસાર થતા નજરે પડતા હતા મોડાસાના આસમાને કેસરી, સફેદ અને લીલા રંગના ગુબ્બારા થી ભારતીય રાષ્ટ્ર ધ્વજનો નજારો સર્જાયો હતા.

## અરવલ્લી જીલ્લામાં રક્ષાબંધનની શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી



મોડાસા, તા. ૧૬

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાંજ તહેવારોના કારણે વાતાવરણ ભક્તિમય બની જાય છે આ માસમાં આવતા તહેવારોનું ઘણું મહત્વ રહ્યું છે જેમાં ભાઈ-બહેન ના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધનનું અનોખું મહત્વ છે બહેન ભાઈ ઉપર કોઈ સંકટ ન આવે તેના રક્ષણ માટે રાખડી બાંધીને પ્રાર્થના કરે છે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ધામધૂમ પૂર્વક ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી બહેનોએ શુભમુહર્તમાં પોતાના લાડકવાયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમની સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. રક્ષાબંધનના તહેવારને લઈ વહેલી સવાર થીજ અબાલ વૃદ્ધ સૌકોઈ માં આનંદ ઉલ્લાસ જોવા મળ્યો હતો બહેનોએ ભાઈઓ માટે બજાર માં મળતી અવનવી યથાશક્તિ મુજબ રાખડીઓ ખરીદી હતી બાળકોમાં લાઈટ અને કાર્ટૂનવાળી રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી શુભમુહર્તમાં બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડી બાંધી હતું ત્યારબાદ ભાઈ પત્નીને પણ નણંદોએ રાખડી બાંધી હતી રક્ષાબંધનમાં કેટલાક મુસ્લિમ ભાઈઓના ઘરે હિન્દૂ બહેનો અને મુસ્લિમ બહેનોએ હિન્દૂ ભાઈઓને ત્યાં રાખડી લઈ રક્ષાબંધનની ભાવપૂર્વક ઉજવણી થતા કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા. શ્રાવણ માસની નારિયેળી પૂનમ બ્રાહ્મણો માટે અનેરૂ મહત્વ ધરાવે છે અને જનોઈ બદલાતા હોય છે મોડાસાના ઓધારી મંદિર ખાતે રક્ષાબંધનના પવિત્ર દિવસે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલવાની વિધિ યોજી હતી જેમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણોએ પોતાની જનોઈ પવિત્ર શ્લોક ઉચ્ચારણ અને પૂજા અર્ચન સાથે નવી જનોઈ ધારણ કરી હતી સમૂહ જનોઈ બદલવાની વિધિ એકલંજી મિત્ર મંડળ દ્વારા યોજી હતી જેમાં મોટી સંખ્યામાં મોડાસા સહીત જીલ્લાના બ્રાહ્મણો જોડાયા હતા.

## અરવલ્લી જીલ્લામાં ધોધમાર વરસાદથી ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા







મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાં ૨૪ કલાકમાં ૫ ઇંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાયા હતા અરવલ્લી જીલ્લામાંમેઘરાજાના વિરામ બાદ ફરી વરસાદી માહોલ સર્જાયો છે, મોડીરાતથી વરસાદ બાદ સવારે ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી ભિલોડા નાદારી નદી બે કાંઠે વહી રહી છે ગડાદર રેલવે અંડર પાસમાં પાણી ભરાતા વાહનચાલકોએ ભારે હાલાકી નો સામનો કરવો પડ્યો હતો મોડાસા માં ખાબકેલ ભારે વરસાદ થી ક્રોઝવે છલકાયા હતા મોડાસા ના માધુપુર પાસે ક્રોજવે પર પાણી ફરી વળતા મોટી ઈસરોલ રાજલી માધુપુર રાજલીકંપા લક્ષ્મણપુરા સહિત ના ગામો નો સંપર્ક કપાતા ક્રોઝવેના બંને છેડે લોકો ના ટોળા ઉમટ્યા હતા.

હવામાન વિભાગની આગાહીને પગલે ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. મોડી રાતથી જ મેઘ મહેર રાજા મનમૂકીને વરસી રહ્યા છે. મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા તેમજ ભિલોડામાં વરસાદ વરસી રહ્યો છે. ત્રણ દિવસ મેઘરાજાએ વિરામ લીધા બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા વાતાવરણમાં ઠંક પ્રસરી હતી. ભારે વરસાદને કારણે વીઝિબિલિટી ઓછી હોવાને કારણે વાહન ચાલકોને હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો વરસાદને કરાણે જિલ્લાના જળાશયોમાં પાણીની આવક પણ થવા લાગી છે.

## રક્ષાબંધન કોમી એખલાસનું પ્રતિક બન્યું

મોડાસા, તા. ૧૬

રક્ષાબંધન પર્વ અને સ્વાતંત્ર્ય પર્વનો સંજોગ મુજબ એકજ દિવસે ધાર્મિક અને રાષ્ટ્રિય તહેવારનો સમન્વય થયો છે, ત્યારે જિલ્લા ભાજપા મહિલા મોરચાની બહેનો રાષ્ટ્રિય પર્વની ઉજવણી કર્યા બાદ મોડાસા નગરપાલિકા પૂર્વ પ્રમુખ અને કોર્પોરેટર વનિતાબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્યા ઈન્દુબેન પટેલ, જિલ્લા મંત્રી મીનાબેન પટેલ દ્વારા મોડાસા શહેરમાં એક પેટા પરા રૂપે આવેલા ચાંદટેકરી વિસ્તારના ભાઈઓને રક્ષાસુત્ર થી રક્ષીત કરવામા આવ્યા હતા આ ચાંદટેકરી વિસ્તારના મુસ્લિમ બિરાદરો હિન્દુ મહિલાઓ ધ્વારા રાખડી બાંધતા તેઓ ભાવવિભોર બની ગયા હતા અને હિન્દુ શાસ્ત્ર પ્રમાંણે એક બહેન ભાઈ ની રક્ષા કાજે રાખડી બાંધે છે ત્યારે ભાઈ ની પ્રથમ ફર્જ બહેનની



રક્ષા કરીશું અને તેનું રૂણ ચુકવવું એ ભાઈ ની ફરજ સાથે રૂણાનુબંધ બની આ પ્રસંગે મુસ્લિમ ભાઈઓ જનાબ હુસેનભાઈ મુલ્તાની ઝાકીરભાઈ મુલ્તાની હબીબભાઈ મુલ્તાની અને ચાંદટેકરી ના આગેવાનો દ્વારા હિન્દુ બહેનોને સાડી રૂપી ભેટ અર્પણ કરવામાં આવી હતી આ પર્વને કોમીએખલાસનું પર્વ બનાવાતા અરવલ્લી જીલ્લામાં ભાજપ મહિલા મોરચાની મહિલાઓની ભારે સરાહના થઈ હતી સમગ્ર મોડાસા પંથકમાં એક કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની બનાસ ડેરી ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન

પાલનપુર, તા. ૧૬

૭૩માં સ્વતંત્રતા પર્વની બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, ડેરીના સર્વે આદરણીય ડાયરેકટરશ્રીઓ, સમાજનાં આગેવાનો, સહકારી આગેવાનો, ડેરીનાં અધિકારીશ્રીઓ અને સંસ્થાના કર્મયોગીઓએ સાથે મળીને રમણીય વરસાદી વાતાવરણમાં ઉત્સાહભેર ધામધૂમથી ઉજવણી કરી હતી. ચેરમેનશ્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને સર્વેએ ધ્વજને સલામી આપીને એક સ્વરમાં ''જણ-ગણ-મન'' રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું.

પોતાના પ્રાસંગિક પ્રવચનની શરૂઆતમાં ચેરમેનેશ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વતંત્રતા દિવસની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી, તેઓએ ઉમેર્યું હતું કે આજનો આ દિવસ દેશહિત માટે જીવવાનો સંકલ્પ કરવાનો દીવસ છે. ચેરમેનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ૫ વર્ષમાં દેશ તેજ ગતિથી આગળ વધી રહ્યો છે, આઝાદીનાં ૫૦ વર્ષ બાદ પણ દેશની ઈકોનોમીનું કદ ૧ ટ્રીલીયન ડોલરની હતું જેને પ્રધાનમંત્રીશ્રીનાં પુરૂષાર્થ અને વિઝનથી બળ મળતાં મોદી સરકારનાં પ્રથમ કાર્યકાળમાં જ તેનું કદ વધીને ૨ ટ્રીલીયન ડોલરનું થયું છે એટલે કે ડબલ બન્યું છે. વધુમાં “5 Trillion Dollar Economy”નું લક્ષ્ય આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હવે દેશની સમક્ષ મુક્યું છે ત્યારે આ લક્ષ્યને સાધવા માટે પુરૂષાર્થ કરીને એક સંસ્થા તરીકે બનાસ ડેરી પણ પોતાનું સર્વ શ્રેષ્ઠ યોગદાન આપે તે બાબતે હાજર સૌ કર્મચારી-અધિકારીઓને ચેરમેનશ્રી શંકરભાઈએ અનુરોધ કર્યો હતો.

શંકરભાઈએ વધુમાં જણાવ્યું હતું કે દેશ જ્યારે તેજ ગતિથી આગળ વધતો હોય ત્યારે આપણે સૌએ મોટા લક્ષ્યોને આંખ સમક્ષ રાખી પરિશ્રમ કરીયે તે બાબત રાષ્ટ્રહિત માટે અત્યંત આવશ્યક છે. વધુમાં જ્યારે સમગ્ર દુનિયાનાં દેશોનો આર્થિક વિકાસદર ઘટી રહ્યો છે અથવા તો સ્થિર છે ત્યારે આપણો દેશ ૮ ટકાના વાર્ષિક વિકાસદર તરફ આગળ વધી રહ્યો હોય તો આવા આ પ્રોત્સાહક વાતાવરણનો આપડે પણ લાભ લેવો જોઈએ, તેમ તેઓએ ઉમેર્યું હતું.

બનાસ ડેરીએ છેલ્લા ૫ વર્ષમાં વિકાસનો હનુમાન કુદકો લગાવ્યો હોવાનું જણાવીને સંસ્થાની સિદ્ધીઓ માટે સતત પરિશ્રમ કરતાં કર્મચારીઓ-અધિકારીઓનો ચેરમેનશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો. રેકોર્ડ ટાઈમમાં THR પ્લાન્ટ અને મેડીકલ કોલેજને લગતી કામગીરી થઈ હોવાનો ઉલ્લેખ કરી ચેરમેનશ્રીએ કર્મચારીઓને તેમના યોગદાન





બદલ બિરદાવ્યા હતા. વધુમાં તેઓએ આપનો સંકલ્પ દૃઢ હોય અને મહેનત કરવાની તૈયારી હોય તો કોઈપણ સાધેલા લક્ષ્યને સફળતાપૂર્વક પાર પાડવું શક્ય હોવાનું જણાવ્યું હતું.